## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ભારત દેશનાં રાષ્ટ્રજોગ સંબોધનમાં ગરીબો અને ગરીબીની વાત થાય છે... અને બાકીનો સમય વિકાસની વાત થાય છે...!!

# શોપીંગ સેન્ટરોમાં વધુ એક મજલાના બાંધકામની મંજૂરી આપવા તંત્ર સમક્ષ રજુઆત

## સ્માર્ટ સીટી અંતર્ગત સે. ૭માં યોજાયેલ બેઠકમાં લોકોએ વેદના તંત્ર સમક્ષ ઠાલવી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં લોકોની જરૂરિયાતને ધ્યાને રાખી બનાવવામાં આવેલ શોપીંગ સેન્ટરોની દુકાનોમાં ઉપર ૧ મજલાનું બાંધકામ કરવાની મંજૂરી આપવી જોઈએ તેવી ઉગ્ર રજુઆત ગઈકાલે સે. ૭માં સ્માર્ટ સીટી અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં થઈ હતી.

આ કાર્યક્રમમાં સૂચનો લેવા ગયેલી મનપાની ટીમ સમક્ષ લોકોએ આંતરિક પરિવહન સેવાઓ પણ તાત્કાલિક ધોરણે શરૂ કરવા માટે રજુઆતો કરી હતી. માત્ર નફો થતા રૂટોના સંચાલનની નહિ પણ સેક્ટરોના આંતરિક માર્ગોએથી બસો દ્વારા પરિવહન થવુ જોઈએ.

આ કાર્યક્રમમાં તંત્રને ૧૫૦થી પણ વધુ સૂચનો લોકોએ આપ્યા હતા. ખાસ કરીને શહેરી વિસ્તારમાં વસતી વધારો જે રીતે થયો છે ત્યારે શોપીંગ સેન્ટરોની હાલની દુકાનો નાની પડી રહી છે અને તેથી વેપારીઓને ઉપર ૧ મજલાનું બાંધકામ કરવાની મંજૂરી આપવી જોઈએ તેવી ઉગ્ર રજુઆત કરી હતી.

આ કાર્યક્રમમાં શહેરમાં સ્વચ્છતા માટે દંડનીય જોગવાઈ જે કરાયેલી છે તેનો અસરકારકતાથી અમલ થાય તે માટે પણ તંત્ર સજ્જ બને એટલુ જ નહિ પણ તેનુ અસરકારક મોનીટરીંગ થાય તેવી પણ લાગણી વ્યક્ત થઈ હતી.

શહેરી બસ સેવા તંત્ર અસરકારક બનાવે તેમજ સેક્ટરોના આંતરિક માર્ગો પરથી જાય તે માટે નગરજનોએ વિશેષ આગ્રહ કરતાં જણાવ્યુ હતુ કે સ્કૂલ-કોલેજના સમયે તેમજ શાકભાજી કે અન્ય વસ્તુઓની ખરીદી માટે જવુ હોય તો અન્ય ખાનગી સેવા નહિ પણ શહેરી બસ સેવાની સુવિધા ઉપલબ્ધ બને તે જરૂરી છે.

આ બેઠકમાં મનપાના આ વોર્ડના કાઉન્સીલરો ઉપરાંત વસાહત મંડળના અગ્રણીઓ, વેપારીઓ તેમજ વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નેશનલ ગર્લ ચાઈલ્ડ દિવસના રોજ હોસ્પિટલમાં ૯ દિકરીઓએ જન્મ લીધો

ગાંધીનગર, તા. ૨૫

સમગ્ર ભારતભરમાં તા. ૨૪મી જાન્યુઆરીને નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે તરીકે ઉજવવામાં આવે છે. દિકરાઓના જન્મદર કરતા દિકરીઓનો જન્મદરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ કન્યાઓના જન્મદરમાં ઘટાડો નોંધાયો છે. ત્યારે ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં નેશનલ ગર્લ ડેના રોજ હોસ્પિટલમાં ૯ દિકરીઓએ જન્મ લીધો છે.



ગાંધીનગર હોસ્પિટલ ખાતે જિલ્લાભરમાંથી મોટીસંખ્યામાં દર્દીઓ આવતા હોય છે.જેમાં ખાસ કરીને હોસ્પિટલ આધુનિક બન્યા બાદ સગર્ભા પ્રસુતાની સંખ્યામાં વિશેષ વધારો થવા પામ્યો છે. ગાંધીનગરની હોસ્પિટલમાં વર્ષ દરમિયાન હજ્જારો નવજાત નાના બાળકો જન્મ લેતા હોય છે. ત્યારે દિકરીઓના જન્મનું પ્રમાણ છેલ્લા દોઢ દાયકાથી ચિંતાજનક દરે ઘટી રહ્યું છે. સરકાર દ્વારા બેટી બચાવો અને બેટી પઢાવો અંતર્ગત વિવિધ યોજના બહાર પાડવામાં આવી છે. ગામડાઓમાં ખાસ કરીને મહિલાઓમાં જાગૃતિ આવે તે માટે સંવેદના સભર કાર્યક્રમો યોજવામાં આવે છે. દિકરીઓને અનુલક્ષી સમાજમાં જાગૃતિ આવશે તો જ તંદુરસ્ત સમાજ રચનાનું ઘડતર થશે. દિકરીઓના જન્મદર વધે તે માટે સામાજીક અભિયાનમાં સૌને જોડાશે તો જ દિકરીઓના જન્મદરનું પ્રમાણમાં વધારો થશે.આપણી સંસ્કૃતિ અને ભાષામાં પણ દિકરીને વ્હાલનો દરીયો કહેવામાં આવે છે. જયારે દિકરો એક કુળ ને તો દિકરી બે કુળ ને દિપાવે છે. ત્યારે સમાજમાં સાચા અર્થમાં જાગૃતિ આવે અને સરકારી કાર્યક્રમો ફળદાયી બનીને આગામી વર્ષમાં દિકરા કરતા દિકરીઓનું પ્રમાણમાં વધારો થાય તેવું તંત્ર ઈચ્છી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં નેશનલ ચાઈલ્ડ ડે ના દિવસે ૯ નવજાત દિકરીઓએ જન્મ લીધો છે તે હોસ્પિટલ માટે ગૌરવની બાબત છે.

# શહેર-જિલ્લામાં બસપાની સત્તા પરિવર્તન યાત્રા નીકળશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા બહુજન સમાજ પાર્ટીના ચિરાગ પરીખ, જિલ્લા પ્રમુખ પ્રવિણભાઈ વાઘેલા, જિ. પ્રભારી રાજીવ પરીખ, જિલ્લા મહાસચિવ અમૃતભાઈ કાપડીયા, જિલ્લા ઉપપ્રમુખ જશોદાબેન પરમાર મહિલા જી. પ્રમુખ દિનાબેન પરીખ ગાંધીનગર શહેરની એક સંયુકત અખબારી યાદીમાં જણાવે છે કે, ગાંધીનગર જિલ્લામાં સત્તા પરિવર્તન યાત્રા તથા જાહેરસભા કાર્યક્રમ ૨૬ થી ૨૭ જાન્યુઆરી સુધી યોજવામાં આવેલ છે. ગુજરાત પ્રદેશ બસપા દ્વારા આ યાત્રા તા. ૬-૧૨-૨૦૧૬ના રોજ યાત્રા પાટણ ખાતેથી આરંભ થઈ છે. જે યાત્રા સમગ્ર ગુજરાતના ૩૩ જિલ્લા અને ૨૫૦ તાલુકામાં ફરી તેના ભાગરૂપે ગાંધીનગર આવશે. તેનું સ્વગાત સે-૧૩ ગાંધીનગર ખાતે તા ૨૭-૧-૨૦૧૭ના રોજ સવારે ૧૧ કલાકે અંબાજી મંદિર પાસે જાહેરસભામાં ફેરવાશે અને તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ દહેગામ ખાતે સાંજે ૬.૦૦ કલાકે એસ.ટી. સ્ટેન્ડ પાસે ડૉ. બાબા સાહેબ આંબેડકર પ્રતિમાના મેદાનમાં જાહેરસભામાં ફેરવાશે તથા ગાંધીનગર, માણસા, કલોલ દિવસ દરમિયાન ફરશે.

# સેક્ટર-૨૬ પોલીટેકનીક કોલેજના પ્રિન્સીપાલને એબીવીપી દ્વારા પડતર પ્રશ્નો અંગે આવેદનપત્ર અપાયું

## ટુંક સમયમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો કોલેજ તંત્ર દ્વારા નહીં ઉકેલાય તો એબીવીપી દ્વારા ઉગ્ર આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે આવેલ સરકારી પોલીટેકનીક કોલેજ ખાતે રાજયભરમાંથી આવેલ વિદ્યાર્થી પ્રિન્સીપાલે ટુંક સમયમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ આવશે તેમ જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં કાર્યરત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ઉભી કરવામાં આવી નથી. જયારે વિદ્યાર્થીઓને કેન્ટીન સેવા, વાંચન માટે લાયબ્રેરી, હોસ્ટેલ ફી, જીમખાનાની ફી સહિત જરુરી પાયાની સુવિધાઓ આપવામાં



ભાઈ-બહેનો અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓને કોલેજમાં માળખાકીય સુવિધા પુરી પાડવામાં પણ કોલેજ તંત્ર ઉણુ ઉતર્યું છે. ત્યારે આજ રોજ સવારે ૯ કલાકે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સભ્યો દ્વારા વિદ્યાર્થીઓના પડતર પ્રશ્નો અંગે સે-૨૬ પોલીટેકનીકના પ્રિન્સીપાલને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને સ્પર્શતા પ્રશ્નોનો સમાવેશ કરાયો છે. ત્યારે કોલેજના દ્વારા આજ રોજ સે-૨૬ ખાતે કાર્યરત સરકારી પોલીટેકનીક કોલજ ખાતે વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોને લઈને પ્રિન્સીપાલને આવેદન આપવામાં આવ્યું છે.

જેમાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી કોલેજ ખાતે કોઈપણ સાંસ્કૃતિક કાર્યક્રમ થયો નથી. તેમજ સિક્યુરીટીના જવાનો દ્વારા વિદ્યાર્થીઓને હેરાનગતિ કરવામાં આવે છે.પીવાના પાણી માટે સવલત આવતી નથી. જેને અનુલક્ષી વિદ્યાર્થી દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે. પરંતુ કોલેજ તંત્ર દ્વારા ધ્યાને ના લેવામાં આવતા આખરે એબીવીપીના કાર્યકરો દ્વારા કોલજના પ્રિન્સીપાલને આજે આવેદન પત્ર આપી રજુઆત કરી છે.જયારે કોલેજના પ્રિન્સીપાલે પણ વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોનું ટુંક સમયમાં નિવારણ લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તેલ અને ઊર્જા સંરક્ષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

વિશ્વભરમાં ઊર્જાનો બેફામ વપરાશ થઈ રહ્યો છે. પેટ્રોલ, ખનીજ કોલસો જેવા પરંપરાગત ઊર્જાના સ્ત્રોતોનો વપરાશ વધી રહ્યો છે. આગામી ૨૦-૨૫ વર્ષો પછી આ અમૂલ્ય ખજાનો ખલાસ થઈ જશે અને ઊર્જાની ગંભીર કટોકટી સર્જાવવાની શક્યતા રહેલી છે. આ ગંભીર સમસ્યા અંગે સામાન્ય માણસમાં પણ જાગૃતિ આવે તે હેતુથી ભારત સરકારના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા ૧૬ જાન્યુઆરીથી ૧૫ ફેબ્રુઆરી-૨૦૧૭ સુધી તેલ અને ગેસ સંરક્ષણ પખવાડીયું ઉજવવાનું નક્કી કરેલ છે. આ પખવાડિયા દરમિયાન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ પેટ્રોલિયમ કન્વેશન રિસર્ચ એસોસીએશન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે વિવિધ શાળાઓમાં યુથ વર્કશોપ તેમજ કન્યા શાળાઓમાં ડોમેસ્ટીક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ છે. યુવા વર્કશોપ અંતર્ગત પીસીઆરએના ફેકલ્ટી શાળાઓમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને તેલ અને ઊર્જા કઈ રીતે બચાવી શકાય તે અંગે માહિતી આપશે તેમજ તેલ બચાવવા માટેની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ વિદ્યાર્થીઓને દેખાડવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં પ્રથમ ત્રણ વિજેતાઓને સર્ટીફીકેટ આપવામાં આવશે.

ગાંધીનગરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આ વર્કશોપનું આયોજન કરવા માંગતી હોય તેણે નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, લગ્નવાડી પાસે સેક્ટર-૨૩નો સંપર્ક કરવો.

# સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ૨૬મી જાન્યુઆરીએ ખાસ એસ.ટી. બસ વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨૫

ભારતના ૬૮મા પ્રજાસત્તાક દિવસ-૨૬મી જાન્યુઆરીએ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની અધ્યક્ષતામાં સાંજે ૫ વાગે રાજભવન, ગાંધીનગર ખાતે સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓને અમદાવાદથી રાજભવન આવવા તથા પરત જવા માટે અમદાવાદ લાલ દરવાજા (રૂપાલી સિનેમા), પાલડી બસ સ્ટેન્ડ અને કાળુપુર રેલવે સ્ટેશનથી એસ.ટી. બસોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે આ ખાસ એસ.ટી. બસો બપોરે ૧૫.૩૦ કલાકે રાજભવન જવા રવાના થશે.

# લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાશે

પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ 'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય' (શારિરીક, માનસિક, આધ્યાત્મિક) નો દર માસના છેલ્લા શુક્ર, શનિ, રવિ દરમિયાન નિયમિતપણે યોજાતો, નિઃશુલ્ક કાર્યક્રમ તારીખ ૨૭-૧-૨૦૧૭થી ૨૯-૧-૨૦૧૭દરમિયાન સવારે ૮ થી ૯ કલાકે બલરામ મંદિર, ભોંયતળિયે (હોલમાં), સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાનાર છે.

# ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા અમદાવાદમાં આંખ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા વિનામૂલ્યે આંખ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં ૨૪૨ જેટલા દલિત અને અન્ય સમાજના લોકોએ લાભ લીધેલ હતો. સમસ્ત રોહિતવંસજ સમાજ વિકાસ ટ્રસ્ટના મહેશભાઈ રાઠોડ અને હોદ્દેદારોએ સહયોગ આપ્યો હતો.

કેમ્પનું ઉદ્દ્ઘાટન અમરાઈવાડીના ધારાસભ્ય હસમુખભાઈ પટેલે દીપ પ્રગટાવી કરેલ હતુ. મુકેશભાઈ ગુર્જર, ડૉ. કલ્પેશ શાહ, કઉન્સીલ સુધાબેન સાગર, ગ્યાનીપ્રસાદ કનોઝીયા, મહેશભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ મેસરવાલ, એન.સી. પરમાર, મીનાક્ષીબેન પ્રજાપતિ, મહેશભાઈ રાઠોડ, એન.બી. પરમાર, ગણપતભાઈ પરમાર, ભાવેશભાઈ પરમાર વગેરે હાજર રહ્યા હતા.

બાબુભાઈ મેસરવાલાએ ડૉ. તેજલ દલાલ અને તેમની ટીમનો, સમસ્ત રોહિતવંશી વિકાસ ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ રાઠોડ, કાન્તીભાઈ ચાવડા, દિનકરભાઈ પરમાર, રમેશભાઈ વાણીયા, અશ્વિનભાઈ પરમાર, પી.એમ. પરમાર, હરગોવનભાઈ સુરેલા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ૩૦મીએ સમગ્ર દેશમાં શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પળાશે

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદવીરોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૭ને સોમવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરો પ્રત્યેનું ઋણ અદા કરાશે. સમગ્ર દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

સોમવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી, મૌન પાળે, જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શકય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧.૦૦ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે માટે જોવા પણ વિનંતી કરાઈ છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો સંબંધિત તમામ કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય, સરકીટ હાઉસ, પ્રેસ, વિધાનસભા-સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ ઉપર મુજબના સમયે વગાડવામાં આવશે.

# છાલાની યુવતી પાંચ દિવસથી લાપત્તા



ગાંધીનગર નજીક છાલા ગામની જીઈબી પાસે રહેતી ૨૧ વર્ષીય યુવતી જયા મનુજી ઠાકોર ૨૦ જાન્યુઆરીએ સાંજના અરસામાં પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલી ગઈ હતી. જયાની સખીઓ તથા સગાવ્હાલાઓને ત્યાં તપાસ કરવા છતાં સગડ ન મળતાં તેણીના પિતાએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગે જાણવા જોગ નોંધાવી હતી. ચિલોડા પોલીસ મથકના એએસઆઈ એચ. ડી ખાંટે ગુમ યુવતીની શોધખોળ શરૂ કરી છે.

# ગાંધીનગરમાં રૂદ્રાક્ષ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

રૂદ્ર લાઈફ, મુંબઈ દ્વારા અલભ્ય રૂદ્રાક્ષ પ્રદર્શન કમ સેલનું આયોજન તા. ૨૫થી ૩૦ જાન્યુઆરી દરમ્યાન પથીકાશ્રમ હોલ, સેકટર-૧૧ ખાતે સવારે ૧૦ થી ૮ દરમ્યાન કરવામાં આવ્યુ છે.

રૂદ્રલાઈફ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૬૫૦થી પણ વધારે રૂદ્રાક્ષ પ્રદર્શન યોજાયા છે. આ પ્રદર્શનમાં ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિદ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા, ૧ થી ૨૧ મુખી બીડ્સ તથા સ્ફટીકમાળાનું અદ્ભૂત કલેક્શન ઉપલબ્ધ છે. આ પ્રદર્શનનો લાભ લેવા ગાંધીનગરની જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય યુવા મતદાતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

દેશના ચૂંટણી આયોગ અને ગુજરાત રાજયના ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર ખાતે ૭મા રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૭નું દીપ પ્રગટાવી રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ ઉદઘાટન કરી જણાવ્યું હતું, લોકતંત્રમાં યુવા અને ભાવિ મતદારોનું સશક્તિકરણ કરીને લોકતંત્ર વધુ મજબૂત બને તે માટે યુવાનો મહત્વની ભૂમિકા નિભાવી મહત્વનું યોગદાન આપે. દુનિયાના સૌથી મોટા લોકતંત્રમાં ભારત દેશની ચૂંટણીઓ વિશ્વનું સૌથી મોટું ઈવેન્ટ મેનેજમેન્ટ છે. લોકતંત્ર અને ચૂંટણી પ્રક્રિયા મજબૂત બને તે માટે દેશનો પ્રત્યેક મતદાતા ગર્વથી મતદાન કરી પોતાના કર્તવ્ય પ્રત્યે જાગૃત બને તે માટે અપીલ કરી હતી. ગ્રામ પંચાયતથી લઈને સંસદીય ચૂંટણીઓમાં વોટીંગ મહત્વનું છે. લોકતંત્ર પ્રકિયા વધુ સક્ષમ બને તે માટે ૧૮ વર્ષે મતદાનના નિર્ણયથી લોકતાંત્રીક મૂલ્યોને પ્રભાવિત કરવામાં યુવાનોનો ફાળો મહત્વનો છે.



રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે રાજયમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ચૂંટણી અધિકારીઓ, યંગ વોટર્સ ફેસ્ટીવલ-૨૦૧૭ અને ચિત્ર સ્પર્ધાના વિજેતાઓનું રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આગામી ચુંટણીમાં પ્રથમ વખત મતદાનનો અધિકાર મેળવતા મતદાતાઓને એપિક કાર્ડનું વિતરણ તથા મતદાર મોબાઈલ એપનું લોન્ચીંગ કર્યું હતું.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી બી.બી. સ્વેને સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે રાજય ચૂંટણી પંચના કમિશનર શ્રી વરેશ સિંહા, સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી અનીતા કરવાલ, પાણી પુરવઠા વિભાગના અગ્ર સચિવ શ્રી મુકેશ પુરી, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અશોક માણેક, જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગાંધીનગર જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસ વિજેતા : (૧) શ્રી રાકેશકુમાર વ્યાસ, પ્રાંત અધિકારી, ગાંધીનગર (૨) નિશાબેન શર્મા, જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગર (૩) શ્રી કવિતા શેઠ, નાયબ કલેકટર, જશુ(અપીલ), ગાંધીનગર

મદદનીશ મતદાર નોંધણી અધિકારી : (૧) શ્રી એ.કે.જોષી, મામલતદાર, ગાંધીનગર (૨) શ્રી કે.વી.ખાંડ, મામલતદાર, દહેગામ (૩) શ્રી જી.જી.પંડયા , નાયબ મામલતદાર, ગાંધીનગર (૪) શ્રીમતી કે.કે. ગુર્જર, નાયબ મામલતદાર, માણસા, (૫) જે.આર. પરમાર, નાયબ મામલતદાર, દહેગામ.



ગાંધીનગર શહેરની સે. ૧૫ સ્થિત વાણિજ્ય કોલેજ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આજરોજ સિગ્નેચર ડેની ઉજવણી કરી હતી.